દાખલ તા.
રજી. તા.
ફેંસલ તા. 26/06/2022
સમયગાળો દિ. મ. વ

## મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. મ્યુનીસીપલ/સ્પે.સીટીંગ મેજી. સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રીમી. કેસ નં–પ૨૧૪૬/૨૧**

**આંક –**

**ફરીયાદી** – **નામદાર સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી** – ઉદય પ્રવિણભાઇ મુછડીયા

**ગુનો – ભારતીય દંડ સહિતાની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩પમુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઇ.પી.કોડની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુનાઓ કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂઘ્ઘ ચાર્જશીટ કરવામાં આવેલ. આજરોજ આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવાનુ જણાવેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. જેથી આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ

વીગત જણાતી નથી.આરોપીએ કરેલ ગુનાઓ પૈકી ઇ.પી.કોડની ક.૨૬૯માં છ માસ સુધીની કેદ અથવા દંડ અથવા બન્ને જોગવાઇ છે. જયારે જી.પી.એકટની ક.૧૩૫ વંચાણે લેતા તેમાં ૩૭, ૩૯ કે ૪૦ હેઠળ જાહેર થયેલ જાહેરનામાના ભંગ માટે સજાની જોગવાઇ છે અને હાલના કામનુ નોટીફીકેશન ક્રીમી. પ્રોસી. કોડની ક.૧૪૪ અન્વયે કાઢવામાં આવેલ છે. જેના ભંગ બદલ સજાની જોગવાઇ ક.૧૩૫માં કરવામાં આવેલ નથી. આમ ઇ.પી.કોડની ક.૨૬૯માં કોર્ટને કાયદા દ્વારા સત્તા આપવામાં છે કે તે દંડ અથવા સજા અથવા બન્ને કરી શકે. હાલના કામે દંડ કેટલો કરવો તેની મનસુફી કોર્ટ ઉપર છોડેલ છે. સજા કોર્ટ ઉઠતા સુધીથી લઇ છ માસ સુધી કરી શકાય તેમ છે. જેથી સદર કેસની હકિકત વંચાણે લેતા, આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત કોરોના મહામારી પછી ઉપસ્થીત થયેલ પરિસ્થીતી ઘ્યાને રાખતા વ્યાજબી અને ઉચીત નીર્ણય કરવો જરૂરી જણાય છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ ઇ.પી.કોડની ક.૨૬૯ તથા જી.પી.એકટની ક.૧૩૫ના ગુનાઓ કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનાઓ કરવા બદલ કુલ્લે રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે જો કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય અને તે બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ ન હોય તો વાહનની માલીકીની ખરાઇ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલ બાબતે નીયમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા. ૨૬/૬/૨૦૨૨ ના રોજ અદાલતમા જાહેર કર્યો.

તારીખઃ ૨૬/૬/૨૦૨૨ (નેહા રાતુસરીયા)
સ્થળઃ રાજકોટ. જયુ.મેજીસ્ટ્રેટ ફ.ક./ સ્પે. સીંટીંગ મેજી.
મ્યુનિસીપલ કોર્ટ,રાજકોટ